# જન્મદિને વધામણી


દક્ષાબેન સોલંકી
સભ્ય, અખિલ ભારતીય મહિલા સ્વાસ્થ્ય સંઘ


પ્રસન્ન વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮


અંબુજી વિહોલ
મો. ૯૯૨૪૨ ૩૬૦૭૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## શુક્લ પરિવાર દ્વારા શતચંડી યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૭
રેખાબેન-પ્રવીણચંદ્ર શુક્લ પરિવાર દ્વારા શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં મોના-મૌલિક શુક્લ દ્વારા જણાવવામાં આવ્યું છે કે પરિવારના પૂજ્ય અનંત યાત્રીઓ જયંતિલાલ વજેશંકર શુક્લ અને નિર્મળાબાની સ્મૃતિમાં આ શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શુક્રવાર, તા. ૯ માર્ચના રોજ વહેલી સવારથી આ શતચંડી યજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે અને તા. ૧૧ માર્ચને રવિવારના રોજ સંપન્ન થશે. પૂર્ણાહુતિ હોમ, આરતીનું આયોજન રવિવારે બપોરે ૩.૦૦થી ૫.૦૦ કલાક દરમિયાન મહાપ્રસાદ સાંજે ૫.૦૦થી ૮.૦૦ કલાક દરમિયાન મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ચેહર માતાનું મંદિર, ઘ રોડ, ઘ-૧ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર ખાતે આ શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવિકોને દર્શને પધારવા શુક્લ પરિવાર દ્વારા સાદર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અભિયાન અંતર્ગત

# ઈન્ટર સ્ટેટ યુથ એક્સચેન્જ પ્રોગ્રામનો પ્રારંભ





ગાંધીનગર, તા. ૭
સરદાર પટેલની ૧૪૦મી જન્મજયંતિ પ્રસંગે પ્રધાનમંત્રીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો કાર્યક્રમ જાહેર કર્યો હતો. ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા સમગ્ર દેશને વિવિધ રાજ્યો સાથે જોડી વિવિધતામાં એકતાનાં દર્શન કરાવવા આ કાર્યક્રમનું આયોજન થયું હતું. બે રાજ્યોના આદાનપ્રદાનથી કલા, સંસ્કૃતિ, રીત-રિવાજો, ભાષા, પ્રાંત, ધર્મ, પહેરવેશ, વિકાસનો અભિગમ તેમજ સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે માર્ગદર્શન મળે તે હેતુથી ગુજરાત અને છત્તીસગઢના યુવકો એકબીજાના પ્રદેશમાં રહી પરામર્શ કરી કાર્યક્રમને સફળ બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા એક ભારત, શ્રેષ્ઠ ભારત અંતર્ગત ઈન્ટર સ્ટેટ યુથ એક્સચેન્જ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન યુથ હૉસ્ટેલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે ઍડિશનલ ડિરેક્ટર જનરલ ઑફ પોલિસ અનીલ પ્રથમ, આઈએઍસ પંકજભાઈ ઠાકર, નૅશનલ યુથ ઍવોર્ડી સંજીવ મહેતા, જિલ્લા પંચાયતના સદસ્ય જયેશભાઈ ચૌધરી, નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, ચિલ્ડ્રેન પ્રોટેક્શન સોસાયટીના અધિકારી ઈન્દ્રજિતસિંહ તેમજ યુવા કાર્યકરો મહેશ ચૌધરી, એકાઉન્ટન્ટ ભાનુભાઈ શાહ અને નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગાંધીનગર અને છત્તીસગઢના કલાકારો દ્વારા પ્રાર્થના, સ્વાગત નૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. ઉપસ્થિત યુવાઓને એક ભારત શ્રેષ્ઠ ભારતના શપથ લેવડાવવામાં આવ્યા હતા. દેશની એકતા અને અખંડિતતામાં યુવાનો વિશેષ યોગદાન આપી શકે અને તે દ્વારા શ્રેષ્ઠ ભારતનું નિર્માણ થશે તેવાં પ્રેરણાદાયક ઉદ્‌બોધન કરવામાં આવ્યાં હતાં. આ પ્રકારના કાર્યક્રમના આયોજનથી બે રાજ્યોના અનુભવો તતા સિદ્ધિઓનું આદાનપ્રદાન થાય છે.

આ કાર્યક્રમ દરમિયાન યુવામિત્રોને સાબરમતી આશ્રમ, ટ્રાયબલ મ્યુઝિયમ, ઈન્દ્રોડા પાર્ક, મધુર ડેરી, ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ, અડાલજની વાવ, સાયન્સ સિટી, સંસ્કૃતિ કુંજ, દાંડી કુટિર અને વિધાનસભા તથા રાજભવનની મુલાકાત કરાવવાનું આયોજન છે.

ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સફળ સંચાલન અંજલિ પટેલ અને કશ્યપ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે એકાઉન્ટન્ટ ભાનુભાઈ શાહ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે ૧૨૫ જેટલા યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં

# વિદ્યાર્થી વિદાય સમારોહ યોજાયો



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં ૧૨ માર્ચ, ૨૦૧૮થી શરૂ થઈ રહેલી ધોરણ-૧૦, ૧૨ની બોર્ડ પરીક્ષા માટે શુભેચ્છા સમારોહનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન પોતાને થયેલા શાળાકીય અનુભવો, શૈક્ષણિક આદાન-પ્રદાન, સંસ્થામાંથી શીખવા મળેલ સારી જીવનોપયોગી બાબતો જેવી યાદગાર ક્ષણો ઉજાગર કરવામાં આવી હતી. ધોરણ-૧૦, ૧૨ના વિદ્યાર્થીઓનો આચાર્ય તથા વર્ગ શિક્ષક સાથે સમૂહ ફોટો લેવામાં આવ્યો હતો. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવી અને પરીક્ષાને ડરનું માધ્યમ બનાવ્યા વિના શાંત ચિત્તે, એકાગ્રતા દાખવી પોતે વર્ષ દરમિયાન જે શિક્ષણ ગ્રહણ કર્યું છે, એને યાદ કરી શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપવાની હિમાયત કરી હતી.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આધારિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા ખાતે મંગળવારના રોજ વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓ ખીલવી વિજ્ઞાન અને ટૅકનોલૉજીમાં નવિનતમ વૈજ્ઞાનિક અભિગમ સાથે વિજ્ઞાનના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રદાન કરવાની પ્રેરણા મળે તેવા હેતુ સાથે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષકો અને વાલીઓના સંયુક્ત માર્ગદર્શન દ્વારા સ્વયમ્ વિવિધ પ્રૉજેક્ટનું નિર્માણ કરી ૫૫ જેટલા મૉડેલ રજૂ કર્યા હતા. શાળાના તમામ વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન નિહાળી વિજ્ઞાનના સિદ્ધાંતો અને વૈજ્ઞાનિક સંશોધનો વિશે માહિતી-સભર જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. વિવિધ પ્રકારનાં મૉડેલ રજૂ કરનાર તમામ બાળ વૈજ્ઞાનિકોને શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભવિષ્યમાં તેઓ વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રમાં પ્રગતિ કરે તેવા આશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા છે.

# આર જી - ઍસ બી સ્કૂલના ઉપક્રમે મહિલા સુરક્ષા અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૭
શ્રીમતી આર જી કન્યા માધ્યમિક તથા ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ના ઉપક્રમે ખીમજી વિશ્રામ હૉલમાં સવારે ૯ કલાકે સુરક્ષા સેતુ અને મહિલા સુરક્ષા તથા મહિલા વિકાસ અન્વયે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન આઈપીઍસ અધિકારી શ્રીમતી શ્રીનિવાસન તથા પી સી વાલેરા જીવન આસ્થા સંસ્થાનાં પ્રમુખ ચેતના બુચ તથા શાળાનાં આચાર્યા સુધાબેન અને જીવન આસ્થાના વિવિધ પદાધિકારીઓએ હાજરી આપી હતી. સૌપ્રથમ શાળાના શિક્ષક નારણભાઈ બારોટે પ્રાર્થના કર્યા બાદ આચાર્યએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યું હતું. આ વિષય અન્વયે મુખ્ય મહેમાને મહિલા સુરક્ષા અને મહિલા વિકાસ અંગે જુદા જુદા દૃષ્ટિકોણથી પોતાના વિચારો રજૂ કર્યા હતા. ખાસ કરીને મહિલાઓએ ત્રણ 'સી' - ચેન્જ, ચેલેન્જ અને ચાન્સ એ બાબત પર વિશેષ ભાર મૂક્યો હતો. પી સી વાલેરાએ આ પ્રસંગે અનુરૂપ મહિલા સુરક્ષા અંગે છણાવટથી ચર્ચા કરી હતી. જીવન આસ્થા સંસ્થામાંથી ઉપસ્થિત પ્રતિનિધિ કુંજવિહારીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મહિલાઓને જુદા જુદા દૃષ્ટિકોણથી સમજ આપી. સાથે સાથે વિદ્યાર્થીનીઓને કાર્ડનું વિતરણ કરી વિનામૂલ્ય ટોલ ફ્રી નંબરની જાણકારી અને સંસ્થા કેવી મદદરૂપ થઈ શકે એ બાબતે વિશેષ જાણકારી આપી. આ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળ વતી પોતાની આગવી કળાથી ચેતના બુચે અસરકારક રજૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં આર જી કન્યા વિદ્યાલયની ધોરણ-૯ અને ૧૧ની ૩૧૧ વિદ્યાર્થિનીઓ તથા આર પી પટેલ સ્કૂલની ૫૦ વિદ્યાર્થિનીઓ અને નાથીબા કૉલેજની ૫૦ વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક નારણભાઈ બારોટે કર્યું હતું. સંસ્થાના અન્ય સ્ટાફનો ઉમદા સહયોગ સાંપડ્યો હતો. મહિલા દિન અન્વયે કાર્યક્રમનું આયોજન કેઍસવીના મહિલા વિકાસ સેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રવિવારે અમદાવાદ ખાતે હરિન ઠાકરના નાટકનું મંચન




ગાંધીનગર, તા. ૭
ખ્યાત નાટ્યકાર હરિન ઠાકર નિર્મિત-લિખિત-દિગ્દર્શિત નાટક 'જન્માક્ષરમાં જલસા'નું મંચન આગામી તા. ૧૧ માર્ચ ને રવિવારના રોજ ઍચ કે હૉલ, અમદાવાદ ખાતે નિયતકરવામાં આવ્યું છે.

તુષાર પટેલ, મેહુલ ફોજદાર પ્રસ્તુત આ નાટક રવિવારે રાત્રે ૯.૩૦ કલાકે યોજવામાં આવ્યું છે. ગાંધીનગર માટે આનંદ અને ગૌરવના સમાચાર એ છે કે આ અનોખા નાટકની ટીમમાં ગાંધીનગરના બે યુવા કલાકારો દિશાન્ત સોની અને સાબિર મલેક પણ સામેલ છે.

નગરની કલાપ્રેમી જનતા તરફથી હરિન ઠાકર અને ટીમને નાટ્યપ્રયોગ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

સ્વચ્છતા, પાણી બચાવો, વ્યસનમુક્તિ, કેશલેસ ઈન્ડિયા અને પર્યાવરણ જાગૃતિના થીમ સાથે બાસણ ગામ ખાતે યોજાયેલી

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની ઍનઍસઍસ શિબિરનું સમપાન







ગાંધીનગર, તા. ૭
અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની સાત દિવસીય ઍનઍસઍસ શિબિરનું સમાપન કરવામાં આવ્યું છે. આ શિબિર બાસણ ગામ ખાતે યોજવામાં આવી હતી.

શિબિર દરમિયાન સ્વચ્છતા, પાણી બચાવો, વ્યસનમુક્તિ, કેશલેસ ઈન્ડિયા અને પર્યાવરણ જાગૃતિ જેવા ઉપક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. બાસણ ગામને સ્વચ્છ રાખવા માટે સફાઈ ઝૂંબેશ, ગામ કાયમી સાફ રહે તે માટે ગામલોકોને જાગૃત બનાવવામાં આવ્યા હતા. વ્યસનમુક્તિ અંગે પણ ઘેર-ઘેર જઈને લોકોને જાગૃત બનાવવા સ્વયંસેવકોએ સઘળ ઝૂંબેશ હાથ ધરી હતી અને લોકોને જાગૃત બનાવી વ્યસન છોડાવવા ૨૪૬ જેટલા સંકલ્પપત્ર ભરાવવામાં આવ્યા હતા.

દરરોજ થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા પણ સ્વચ્છતા, વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધા નિવારણ, સરકારી યોજનાની માહિતી પ્રસરાવવામાં આવી હતી. સૌ સ્વયંસેવકોએ ગામને આદર્શ બનાવવા માટે ભરપૂર પ્રયાસો કર્યા હતા.

શિબિરના અંતિમ દિવસે લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર, લાયન્સ કર્ણાવતી, શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ આઈ હૉસ્પિટલ, ઓગણજ તથા કૉલેજના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર નિદાન કૅમ્પ પણ યોજવામાં આવ્યો હતો, જેમાં ૨૧૦ લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી. ૧૫ લોકોને મોતિયાની ખામી જણાઈ હતી અને તેમનાં નિઃશુલ્ક ઑપરેશન પણ કરવામાં આવ્યા હતા.

નાનાં બાળકો માટે સ્પોર્ટ્સ ડે ઉજવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતા બનેલાં બાળકોને ઈનામો આપવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કૅમ્પનું આયોજન અને સંચાલન ઍનઍસઍસના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું.

બાસણ ગામના આગેવાનો અભયસિંહ વાઘેલા, અમિતાભાઈ દેસાઈ, પ્રકાશભાઈ દેસાઈ, પી ઍન ઠાકોર, બળવંતજી ઠાકોર, કાળાજી ગાંડાજી ઠાકોર, પ્રાથમિક શાળાના આચાર્ય સુનિલભાઈ પટેલ, ડૉ. એ આર પટેલ, ડૉ. દિલીપભાઈ ત્રિવેદી, કાલિદાસ પ્રજાપતિ, લાયન્સ કલબ ઑફ ગાંધીનગરના પ્રમુખ નયન મધુકરે શિબિરની સફળતા માટે મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

શિબિરને સફળ બનાવવા માટે જૈમિન પટેલ, કુલદિપ રથવી, વિરલ ચાવડા, ગુલાબ જોગરાજીયા, અસ્મિતા મેણીયા, ભવદીપસિંહ વાળા, હરદિપસિંહ સિંધવ, અજય ગુસી, મિત્ત સણોલ, ગૌરાંગ ચાવડા, પ્રવીણ ચાવડા, યુવરાજ પાવરા, જય પટેલ, ભરત ચાવડા, યુક્તિ પટેલ, નિરાલી પટેલ, જલ્પા રથવી, રિના ડાયાણી, મૌલી પટેલ, હેમાક્ષી પટેલ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

કૅમ્પ દરમિયાન મેયર પ્રવીણભાઈ પટેલ, હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞાએ કૅમ્પને સફળતાપૂર્વક સંપન્ન કરવા બદલ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા અને ગામલોકો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.